મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૭૩ ટકા

ગાંધીનગર તાપમાન

શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ, સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા તા. ૧૧/૭/૨૦૧૭ થી તા ૯/૮/૨૦૧૭ દરમ્યાન ભવ્ય હિંડોળા ઉત્સવનું આયોજન કરવામાં આવેલ છે. આજ રોજ તા ૧૧/૭/૨૦૧૭ ના રોજ આ ભવ્ય હિંડોળા ઉત્સવનો ઉદ્‌ઘાટન સમારોહ સવારે ૮.૩૦ કલાકે રાખવામાં આવેલ હતો. આ હિંડોળા ઉત્સવનો પ્રારંભ સંસ્થાના મે. ટ્રસ્ટીશ્રી શાસ્ત્રી હરિપ્રકાશ સ્વામીજી, શાસ્ત્રીશ્રી જ્ઞાનપ્રકાશ સ્વામીજી, શાસ્ત્રીશ્રી હરિવલ્લભ સ્વામીજી તેમજ અન્ય સંતો દ્વારા કરવામાં આવેલ હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાસ્ત્રીશ્રી રામકૃષ્ણ સ્વામીજીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ હતું તથા સ્વામીજીએ શાળાના આચાર્યશ્રી ઉમંગભાઈ વસાણીને આ કાર્યક્રમના સફળ આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા. દરરોજ હિંડોળા દર્શનનો સમય સવારે ૭.૦૦ થી ૯.૦૦ અને સાંજે ૪.૦૦ થી ૬.૦૦ રહેશે.

બીબીએ કોલેજમાં પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને 'પ્રારંભ' થકી આવકાર

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરની બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન(બી.બી.એ) કોલેજ દ્વારા સતત ૧૯મી બેચમાં પ્રવેશ મેળવેલ તમામ વિદ્યાર્થીઓનું સ્વાગત કરવા કાર્યક્રમનું અદભૂત આયોજન કરાયું હતું.

કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે યુનીવર્સીટીના ડાયરેક્ટર પ્રો.ડી.ટી. કાપડિયાએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

કોલેજના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ દ્વારા વિદ્યાર્થીઓને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, યુનિવર્સીટી તેમજ કોલેજનો તલસ્પર્શી પરિચય આપવામાં આવ્યો હતો તેમજ વિદ્યાર્થીઓને ત્રણ વર્ષમાં અનેક ક્ષેત્રે પ્રગતિ કરવા માટે ઉત્સાહિત કર્યા હતા. મુખ્ય મહેમાન ડી.ટી.કાપડિયાના વરદ હસ્તે "મોક પાર્લામેન્ટ" ની સીડીનું વિમોચન તેમજ મોક પાર્લામેન્ટ અને એન.ડી.આર.એફ.ના પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં દ્વિતીય અને તૃતીય વર્ષનાં વિદ્યાર્થીઓ દ્વારા ખુબ સુંદર રજુઆતો તેમના પ્રથમ વર્ષનાં મિત્રોનાં સ્વાગત માટે કરવામાં આવી હતી. કોલેજમાં પ્રવેશ મેળવનાર નવા વિદ્યાર્થીઓએ પણ ધમાકેદાર રજુઆતો કરી હતી. જેમાં કુલ ૧૦ વિદ્યાર્થીઓએ મિસ્ટર પ્રારંભ તેમજ મિસ પ્રારંભની સ્પર્ધામાં ભાગ લીધો હતો. તેમજ કુલ બીજા અને ત્રીજા વર્ષના કુલ ૩૦ વિદ્યાર્થીઓ દ્વારા અલગ-અલગ પ્રકારની સફળ રજૂઆત કરવામાં આવી જેમાં ડાન્સિગ, સિંગિંગ, એક્ટિંગ, એન્કરીંગ, તેમજ વેરાઈટીમાં વિદ્યાર્થીઓએ પોતાની સખત મહેનતથી સુંદર કલાનાં દર્શન શ્રોતાઓને કરાવ્યા હતા. પ્રથમ વર્ષનાં વિદ્યાર્થીઓ માટે "મી. પ્રારંભ" તેમજ "મિસ. પ્રારંભ" તરીકે પસંદગી પામી પ્રશસ્તિપત્ર તેમજ ટ્રોફી મેળવી હતી. જે અંતર્ગત પ્રથમ વર્ષનાં કું. સુહાની પટેલ તેમજ શ્રી સંદીપ વર્માને પ્રથમ વર્ષમાંથી મિસ પ્રારંભ તેમજ મી. પ્રારંભ બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. આજના કાર્યક્રમમાં કોલેજ ના ૪૫૦ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. પ્રથમ વર્ષના તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન માટે પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. કુલ ૩૪ રજુઆતો વિદ્યાર્થીઓ દ્વારા ગ્રુપમાં અથવા વ્યક્તિગત રજૂઆતમાં કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે હાર્દીકા શુક્લા તેમજ સંદીપ સોલંકી દ્વારા પ્રશંસનીય સેવા આપવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજનાં આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ ઉપાચાર્ય ડો. જયેશ તન્ના ઈવેન્ટ ઈન્ચાર્જ ડો. નીરવ જોશી, સ્ટેજ હોસ્પીટાલીટી કમિટી ઈન્ચાર્જ પ્રો. માર્ગી દેસાઈ સહીત કોલેજ પરિવાર દ્વારા સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ખુબ જહેમત ઉઠાવી હતી.

નભોઈ પાસે દારૂનો જથ્થો ભરેલી કાર કીચડમાં ફસાઈ

વિદેશી દારૂની ૧૪૪ બોટલ સ્વીફ્ટ ડીઝાયર માંથી મળી આવી : ફસાઈ ગયેલી કાર મુકીને બુટલેગર ભાગી ગયો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર નજીક નભોઈ ગામની સીમમાં એપોલો સર્કલથી શાંતીનિકેતન તરફ જતા રિંગ રોડ ઉપર આજે સવારે કિચડમાં એક સ્વીફ્ટ ડીઝાયર કાર ફસાઈ ગઈ હતી. સામાન્ય સંજોગોમાં કોઈની કાર ફસાઈ જાય તો તેને બહાર નિકાળવા પ્રયત્ન કરે પરંતુ આ કાર ચાલક કાર મુકીને ભાગી ગયો..!!! પોલીસે સ્થળ પર જઈ કારમાં તપાસ કરી તો અંદરથી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. ૧૪૪ નંગ વિદેશી દારૂનાં જથ્થા સાથે કાર જપ્ત કરી ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી બુટલેગર સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

એપોલો સર્કલથી શાંતીનિકેતન જતા સર્વિસ રોડ પર આજે સવારે રસ્તાની બાજુમાં કાદવ-કીચડમાં જીજે ૧૮ એ.વી ૯૨૫૩ નંબરની સ્વીફ્ટ ડીઝાયર કાર ફસાઈ જવા પામી હતી. ફસાઈ ગયેલી કાર બહાર નિકાળવાનાં પ્રયત્ન કરવાને બદલે કારચાલક ફટાફટ કારમાથી બહાર નિકળીને સ્થળ છોડી ભાગી ગયો હતો. શંકાસ્પદ કાર ચાલક ભાગી જતા પોલીસે સ્થળ પર જઈને કારની અંદર તપાસ શરુ કરી હતી. કારમાં તપાસ કરતા પોલીસ પણ ચોંકી ગઈ હતી. અંદરથી વિદેશી દારૂની પેટીઓ મળી આવી હતી. કારમાંથી ૧૪૪ નંગ દારૂની બોટલ્સ મળી આવતા ઈન્ફોસીટી પોલીસે રૂ.૫૭,૬૦૦ની કિંમતનો દારૂ અને કાર મળી કુલ રૂ.૩.૫૭ લાખનો મુદ્દામાલ જપ્ત કરી લીધો છે. ગાંધીનગર પાસિંગની કાર ક્યાં બુટલેગરની છે અને ક્યાથી માલ લાવ્યા ને ક્યા લઈ જવાના હતા તે સહિતની તપાસ ઈન્ચાર્જ પી.આઈ ડી.બી.વાળાએ શરુ કરી છે.

આપણી ભકિત પરંપરા મુજબ અષાઢ વદ-૨થી એક મહિના સુધી ભગવાનને હિંડોળામાં ઝુલાવવામાં આવે છે. સેકટર-૨૩, શ્રી સ્વામીનારાયણ મંદિર ખાતે હિંડોળાનો પ્રારંભ થતા તસવીરમાં બટન આર્ટના કલાત્મક હિંડોળામાં ઝૂલતા શ્રી હરિ દેશ્યમાન થાય છે. એક મહિના સુધી ચાલનારા હિંડોળા દર્શનનો સમય સાંજે ૫ થી ૮.૧૫ છે.

@ગાંધીનગર

● સ્વામિનારાયણ મંદિર સેકટર-૨૩ ખાતે થ્રી ડી આર્ટના કલાત્મક હિંડોળામાં ઠાકોરજીને સાંજે ૫ થી ૮.૧૫ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.

વાતવાતમાં

● ગુડાના પૂર્વ ચેરમેન તથા ભાજપના પૂર્વ જિલ્લા પ્રમુખ અશોકભાઈ ભાવસાર પર હૃદયની શસ્ત્રક્રિયા કરવામાં આવી છે જેમાં તેમને ત્રણ સ્ટેન્ટ મુકવામાં આવ્યા છે. તેમને ઝડપથી રિકવરી સાથે સ્વસ્થ અને દિર્ઘાયુ જીવનની શુભેચ્છાઓ.

આગામી ૧૪મીએ 'આપણા ઉપેન્દ્ર'નો સ્મરણાંજલિ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા 'આપણા ઉપેન્દ્ર' અભિનય સમ્રાટ ઉપેન્દ્રભાઈ ત્રિવેદીની જન્મજયંતિ નિમિત્તે સ્મરણાંજલી કાર્યક્રમ યોજવામાં આવેલ છે. તા. ૧૪મી જુલાઈના બપોરે ત્રણથી છ વાગ્યા સુધી બ્રહ્માણી હોલ કડી કેમ્પસમાં યોજાશે.

કાર્યક્રમના અધ્યક્ષ દોલત ભટ્ટ લોક સાહિત્યકાર, કટાર લેખક 'ધરતીના ધબકાર' જાણીતા ચિત્રકાર બાબુભાઈ સોની, નિવૃત્ત આચાર્ય એન.આર.એ. વિદ્યાલય ભિલોડાના આચાર્ય લાભુભાઈ આર. પંડયા અતિથિવિશેષ પદે રહેશે. સંચાલન ભીખુભાઈ કવિ કરશે તેમ ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ નટવરભાઈ હેડાઉ અને મહામંત્રી કલ્પેશભાઈ પટેલે જણાવેલ છે.

રાજયપાલશ્રીએ મૃતક પરિવારો પ્રત્યે સંવેદના પાઠવી

ગુજરાતના રાજયપાલશ્રી ઓ.પી.કોહલીએ અમરનાથ યાત્રા પર થયેલા આતંકી હુમલામાં મૃત્યુ પામેલા ગુજરાતના શ્રધ્ધાળુઓ પ્રત્યે ઉંડી સંવેદના વ્યકત કરી આ આતંકી હુમલાના ઘોર કૃત્યની કઠોર નિંદા કરી છે. તેમણે મૃતકોના શોક સંતપ્ત પરિવારજનોને સાંત્વના પાઠવી છે અને ઈજાગ્રસ્તો ઝડપથી પુનઃ સ્વાસ્થ્ય પ્રાપ્ત કરે તેવી અભ્યર્થના વ્યકત કરી છે.

જે.એમ.ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે મહેંદી સ્પર્ધા તથા હેરસ્ટાઈલ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ૭૦ બાળાઓએ ભાગ લીધો હતો. સર્વે એ સુંદર ડિઝાઈન બનાવી હતી. શાળાના આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ યોજાયો હતો. જેનું સફળ સંચાલન શરીફાબેન, રમીલાબેન, ક્રિષ્ણાબેન તથા હેતલબેને કર્યું હતું. શાળા પરિવારે તમામને અભિનંદન પાઠવ્યા છે.

સે-૪ સ્થિત બગીચામાં સિનિયર સીટીઝન વિશે સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ઉપક્રમે સેકટર-૪ સ્થિત બગીચામાં સિનિયર સીટીઝન વેલ્ફેર એકટની જાણકારી આપવા અંગે એક સેમિનાર યોજાયો હતો.

આ સેમિનારમાં પેરાલીગલ વૉલન્ટીયર દિનેશભાઈ દવે, જયરામભાઈ સોની, વિમળાબેન અયાચી અને સીતારામભાઈ પટેલે સભાને સંબોધન કર્યુંહતું. જયરામભાઈ સોની દ્વારા કાયદાની છણાવટ કરી સમાજમાંપ્રવર્તતી વડીલોપ્રત્યેની ઉપેક્ષા ઉદાસીનતા સામે કાયદા હેઠળ રક્ષણ મેળવવા શેષ જીવનના આનંદ-ઉત્સાહ અને સન્માન સાથે વિતાવવા જાણકારી પુરી પાડી હતી. સેમિનારમાં વોટર થેરાપી, સૂર્યદર્શન, ઉપવાસ જેવી કુદરતી ઉપચાર પધ્ધતિ અપનાવી અસાધ્ય રોગોથી મુકિત મેળવી તંદુરસ્તી પ્રાપ્ત કરવના ઉપાયોની જાણકારી પુરી પાડી હતી.

આ કાર્યક્રમને નગરસેવક પ્રવિણાબેન વોરા, શહેરના વિવિધ વિસ્તારના સિનિયર સીટીઝનો, લીગલના પી.એલ.વી.એ હાજર રહી રસપૂર્વક માણ્યો હતો. વરસાદી માહોલનો પ્રયોગ કરવામાં આવતા વરસતા વરસાદમાં કુદરતી સાંનિધ્યમાં રસાસ્વાદ માણ્યો હતો.

વિસનગરા નાગર પરિવાર દ્વારા શિવ મહિમ્ન સ્ત્રોતનું આયોજન

ગાંધીનગર, તા.૧૧

વિસનગરા નગર પરિવાર દ્વારા શ્રાવણ માસમાં શિવ મહિમ્ન સ્ત્રોતનું આયોજન વિસનગરા નગર પરિવારોના નિવાસે યોજેલ છે. જેનો લાભ લેવો હોય તેમણે તા. ૨૩મી જુલાઈ સુધીમાં મહેશભાઈ રાવલનો સંપર્ક કરવા જણાયું છે.

વિસનગરા નગર પરિવાર ગાંધીનગર દ્વારા આગામી દિવસોમાં ઈનામ વિતરણ તેમજ સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પરિવારના તેજસ્વી તારલાઓ, ૭૫ વર્ષ પૂર્ણ કરનાર વડીલોનું સન્માન તેમજ વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર સભ્યોએ તા. ૩૦મી સપ્ટેમ્બર સુધીમાં નિયત ફોર્મ ભરીને મહેશભાઈ રાવલ, પ્લોટ નં. ૧૨૨૨/૨, સે-૭-ડી, દિવ્યાંગભાઈ મહેતા, ૫૮૭/૨ શ્રીધર ફલેટ સે-૨૩, કૌશિકભાઈ રાવલ પ્લોટ નં. ૨૨૯ સહકાર કોલોની સે-૨૫માં મોકલવા જણાવેલ છે.

તા. ૧૦/૦૯/૨૦૧૭ ને સોમવારના રોજ લેકાવાડા ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં 'ગુરૂ વંદન-છાત્ર અભિનંદન' કાર્યક્રમનું આયોજન કરવામાં કરવામાં આવ્યું હતું. જેમાં ભારત વિકાસ પરિષદના પ્રમુખશ્રી ચન્દ્રકાન્તભાઈ રાવલ અને મંત્રી શ્રી દિપકભાઈ પટેલ હાજર રહ્યા હતા. ભારત વિકાસ પરિષદ દ્વારા ગત શૈક્ષણિક વર્ષમાં ઉત્કૃષ્ટ કામગીરી કરાયા બદલ શિક્ષકો અને વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો આપીને સન્માનિત કરાયા હતા. આ ઉપરાંત ૪૭ વિદ્યાર્થીઓએ 'ગુરૂનું જીવનમાં મહત્વ' વિષય પર પોતાનું વક્તવ્ય રજૂ કર્યું હતું. આમ સમગ્ર કાર્યક્રમ ખૂબ જ સુંદર રીતે પૂર્ણ થયો હતો.

બ્રહ્મસમાજના તેજસ્વી તારલાઓને સન્માનવામાં આવશે

ગાંધીનગરના સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા આગામી તા. ૩૦મી જુલાઈ રવિવારના રોજ સવારે ૮ થી ૧૨ દરમિયાન સમાજના તેજસ્વી તારલાંઓને સન્માનવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમ માટેના ફોર્મ સે-૧૬માં બ્રહ્મસમાજ ભવન ખાતેથી ઉપલબ્ધ થશે. ફોર્મ ભરી પરત કરવાની છેલ્લી તારીખ ૧૨ જુલાઈ નિયત કરવામાં આવી છે. આ તારીખ બાદ કોઈ પણ ફોર્મ સ્વિકારવામાં નહી આવે તેમ સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ પિનાકીન રાવલ દ્વારા અખબારી યાદીમાં જણાવાયુંછે.

સેકટર-૩ ખાતે આવેલ વન્ડર કીડસ પ્લે ગ્રૂપનો કાર્યક્રમ આંબેડકર હોલ, સે-૧૨ ખાતે યોજાયો હતો. જેમાં નાના ભૂલકાંઓ દ્વારા નૃત્ય નાટીકાની સુંદર કૃતિઓ રજુ કરવામાં આવી હતી.

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની બેઠક ૧૩મીએ યોજાશે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનર શહેર પેન્શનર્સ સમાજ ગાંધીનગર દ્વારા દર વર્ષની જેમ વિદ્યાર્થી સન્માન સમારંભની તૈયારી અને જરુરી જવાબદારીની સોંપણી અંગેની બેઠક તા. ૧૩મી જુલાઈએ પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના પ્રમુખસ્થાને સાંજે પાંચ વાગે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, સેકટર-૨૨ ખાતે યોજાશે તેમ પ્રવર મંત્રી રમણલાલ શ્રીમાળીએ જણાવ્યું છે.

આઈ લવ માય ગાંધીનગર



નિકુંજ મિસ્ત્રી

ગાંધીનગર ગમે

સ્વચ્છતા, હરિયાળી અને સગવડોને કારણે શહેર ખૂબ ગમે છે.

નગરજનો

કલા, સંસ્કૃતિ, સેવા અને તહેવારપ્રેમી શિક્ષિત નગરજનો અહીં વસે છે.

પ્રવૃત્તિ, સંસ્થા ગમે

ગાંધીનગર સાહિત્ય સભા, પેન્શનર મંડળ, અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજ, ગ્રો ફાઉન્ડેશન, જી ઈ ક્લબ, પ્લગ-ઈન્સ, કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા થતી પ્રવૃત્તિઓ ગમે છે.

નગરને બહેતર બનાવવા

સ્વચ્છતા અને જાહેર શિસ્ત બાબતે ધ્યાન આપવામાં આવે તો નગરને બહેતર બનાવી શકાય.

નગર માટે હું કરી શકું

કલા અને યુવા વિકાસ પ્રવૃત્તિઓ માટે નગરને મારું યોગદાન આપવા હું તૈયાર છું.

સર્વ નેતૃત્વ ગૃપનો રજતજયંતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય ખાતે રજતજયંતિ કાર્યક્રમ 'સર્વ નેતૃત્વ-૨૫'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યુનિવર્સિટી સંલગ્ન ૧૪ કોલેજના ૬૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓને મેનેજમેન્ટ ટ્રેનર સુરેશ પટેલ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ અંગે તાલીમ આપવામાં આવી હતી. આ પ્રસંગે કારગીલ યુધ્ધ વિજય રેલીમાં ગુજરાતમાં પ્રતિનિધિત્વ કરનાર ચૌલા જાગીરદારની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. જેમના રોચક અનુભવોએ વિદ્યાર્થીઓને રોમાંચિત કર્યા હતા.

કાર્યક્રમમાં ડૉ. એસ.ટી. કોટકે વિદ્યાર્થીઓને ફિઝિકલ ફિટનેસનું મહત્વ સમજાવ્યું તો મોટીવેશનલ ટ્રેનર જે.સી. પટેલે શિક્ષણ-સ્વાસ્થ્ય અને સંસ્કાર સાથે દેશપ્રેમની વાત કરી હતી. ડૉ. કપિલ ત્રિવેદીએ યોગ-ધ્યાન અને સ્વચ્છતાનું મહત્વ સમજાવ્યું હતું. પૂર્વ તાલીમાર્થીઓ બીનલ પટેલ અને આરતી પટેલને સમાજોપયોગી પ્રોજેકટસમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન બદલ સન્માનાવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં પૂર્વ તાલીમાર્થીઓ દ્વારા પ્રોજેકટ રજૂ કરાયા હતા અને અંતિમ દિવસે તાલીમાર્થીઓને હિંમતનગર-શામળાજી રોડ પરના સહયોગ કૃષ્ઠયજ્ઞ ટ્રસ્ટની મુલાકાત કરાવાઈ હતી.

તાલીમ કાર્યક્રમના સમાપન પ્રસંગે સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલ, સેક્રેટરી ડૉ. રમણભાઈ પટેલ, ઉપરાંત ડૉ. મણીભાઈ પટેલ, ડૉ. યોગેશ પટેલ, પ્રો. ઉમેશ કોલ્હે, ડૉ. કપિલ ત્રિવેદી, ડૉ. વિજ્ઞા ઓઝા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના કો-ઓર્ડિનેટર ડૉ. ધર્મેન્દ્ર પટેલ તથા સહાયકો પ્રો. રોહિત શેઠ્ઠી, પ્રો. હેતા પટેલ વગેરેએ સંચાલન કર્યું હતું તથા સ્વયંસેવકો સુરજ મુંજાણી, ગુંજન પનારા, ધવલ મેહતા, આરતી પટેલ અને બીનલ પટેલ વગેરેએ પ્રસંશનીય જહેમત ઉઠાવી હતી.

ચિરવિદાય

● સ્વ. નરેન્દ્રકુમાર ઉમિયાશંકર રાજયગુરુ, ઉ.વ. ૮૨